


अन्तरा-शब्दशक्ति

# मैं अलंकृता

काव्य संग्रह

पिंकी परुथी ''अनामिका''

# હું અલંકૃતા,..

(કવિતા સંગ્રહ)


લેખક

## પિંકી પરુથી "અનામિકા"

ભાવાનુવાદક

## રક્ષિત અરવિંદરાય દવે "મૌન"



## અંતરા-શબદશક્તિ પ્રકાશન

વારાસિવની, મધ્યપ્રદેશ

**ISBN- 978-93-86666-78-9**

અંતરા-શબદશક્તિ પ્રકાશન
મુખ્ય કાર્યાલય - 15 નેહરુ ચેક વારાસિવની, જિલ્લા બાલઘાટ
(મ પ્ર) 481331
ફોન- (કાર્યાલય) 07633-253159 (મો) 09424765259
ઈમેલ antrashabdshkti@gmail.com
વેબસાઇટ www।antrashabdshakti.com
પ્રથમ આવૃત્તિ 2019- ડૉ. પ્રીતિ સુરાના
ભાવાનુવાદક- રક્ષિત અરવિંદરાય દવે "મૌન"
કિમત - 60.00
મુખપૃષ્ઠ - સંદીપ સોની, વારાસિવની
મુદ્રક - શેલુ કમ્પ્યુટર, વારાસિવની
MAIN ALANKRITA BY PINKY PARUTHY ANAMIKA
TRANSLATION BY RAKSHIT DAVE MAUN
કાનૂની ચેતવણી - આ પુસ્તકનો કૉપિરાઇટ સુરક્ષિત છે। લેખકની કોઈપણ લિખિત પરવાનગી વગર, તેનો કોઈપણ ભાગ ફોટોકોપીંગ અને રેકોર્ડિંગ દ્વારા, ઇલેક્ટ્રોનિક અથવા મશીન દ્વારા અથવા સ્ટોરેજ અને ફરીથી ઉપયોગ સિસ્ટમ દ્વારા કોઈપણ સ્વરૂપમાં પ્રસારિત અથવા પ્રસારિત કરી શકાય છે। વર્તમાન પુસ્તકની બધી રચનાઓ લેખક દ્વારા શક્તિ પ્રકાશન શબ્દને પ્રસારિત કરવામાં આવી છે, તેથી લેખક દરેક રચનાની મૌલિક્તાના કોઈપણ દાવા માટે જવાબદાર છે। પુસ્તકની ઘટનાઓને પાત્ર, ભાષા શૈલી અને તમામ લેખકોના સ્થાનની કલ્પના આપવામાં આવે છે। તે ફરજિયાત નથી ।

# અનુક્રમણિકા


મ્હારું નિવેદન.....! 5

હું અલંકૃતા,.. 6

1. હું અલંકૃતા છું 7
2. માઁ કાં તેં 8
3. પછી એવું ના કહીશ કે, મેં પહેલાં નહોતું કહ્યું 9
4. વરસાદની ઋતુમાં 10
5. છે ખામોશ 11
6. છે મ્હારું મન જ મિત્ર મ્હારું 12
7. શબ્દ પણ તું છે, અર્થ પણ તું છે 13
8. જીંદગી 14
9. તાણાં-વાણાં 15
10. પવનનાં ઝપાટાથી 16
11. મૌન બની ગઈ છું કંઈક એવી 17
12. ઝૂકી રહી છું 18
13. સ્વાભિમાન 19
14. છે આવશ્યક 20
15. સદબુદ્ધિ 21
16. માં 22
17. વિજયા દશમી 23
18. પરિમંડળ 24

19. અરમાનોનાં દિવડાં

25

20. સ્વપ્ન રંજિતા 26

21. એ વટવૃક્ષ 27

22. લોહડી 28

23. જો તું આવે તો 29

24. મ્હારી પસંદગી 30

25. સીમા રેખાઓ 31

26. આ વખતની હોળી 32

# મ્હારું નિવેદન.....!

ચાલીસ વર્ષની નોકરી કર્યા બાદ નિવૃત્તિનો જે પણ કાંઈ સમય ઈશ્વર તરફથી મને બક્ષિસમાં મળે તેમાં કોઈ જ પ્રકારની અર્થોપાર્જન પ્રવૃત્તિ નહીં જ કરવાનો મેં સંકલ્પ કરી લીધો હતો. તો પછી કરવું શું ? એ પણ એક મોટો પ્રશ્ન હતો. કેમ કે નિરર્થક બેસી રહેવું કે રખડ્યાં કરવું એ તો મ્હારા સ્વભાવમાં જ નથી.ગુજરાતી,મ્હારી માતૃભાષા, એનાં ઉપર પહેલેથી જ મ્હારી મજબૂત પકડ હતી.હિન્દી આપણી રાષ્ટ્રભાષા એની પણ "રાષ્ટ્રભાષા કોવિદ" સુધીની પરીક્ષાઓ મેં શાળાનાં અભ્યાસ દરમ્યાન જ પાસ કરી હતી અને ઈંગ્લીશ એ ગ્રેજ્યુએશનમાં મ્હારો મુખ્ય વિષય હતો અને સંસ્કૃત એ ગૌણ વિષય, આમ ચાર ચાર ભાષાઓ સાથે હું ગંઠાયેલો હતો એટલે સાહિત્યનાં ક્ષેત્રમાં જ કંઈક કરવું એવાં વિચારો મગજમાં ઘુમરાતાં હતાં અને " ફેસબુક" મ્હારી વહારે આવ્યું. જેમાં શરુઆતમાં ગુજરાતનાં શ્રી પંકજભાઈ ત્રિવેદી જી , ઉપરાંત હિન્દી સાહિત્યનાં રચનાકારો શ્રી કેશવ મોહન પાંડેય જી,શ્રી જે.પી દ્વિવેદી જી,શ્રી સુરેખા અગ્રવાલ જી,શ્રી ઓશીન શિશિર જી, અદિતિ રુસીયા જી તથા પિંકી પરૂથી જી ની વિવિધ રચનાઓનો ગુજરાતી ભાવાનુવાદ કરવાનો પ્રારંભ કર્યો અને તેઓએ પણ મ્હારા ભાવાનુવાદોની સરાહના કરી મને પ્રોત્સાહિત કરવામાં કોઈ કમી ના રાખી. ધીમે ધીમે મ્હારું આ વૃંદ બહોળું થતું ગયું અને કેટલાય હિન્દી સાહિત્યકારો સાથે ગાઢ મિત્રતા બંધાઈ ગઈ અને એમની અનેક રચનાઓના ભાવાનુવાદો મેં ગુજરાતી વાંચકો સમક્ષ મુકવાનું ચાલુ કર્યું. ઈશ્વરની કૃપાથી અને આપ સહુ વાંચક મિત્રોનાં સહકારથી મ્હારી આ પ્રવૃત્તિને ખુબ જ પ્રોત્સાહન અને વેગ પ્રાપ્ત થયાં. મને ગર્વ એ વાતનો છે કે મ્હારા આ ભાવાનુવાદોને "સર્વ ભાષા ટ્રસ્ટ" અને "અંતરા શબ્દશક્તિ" દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યાં.

ડૉ.પ્રીતિ સમકિત સુરાના જી એ મ્હારા બે પુસ્તકો "કાવ્ય પથ" અને "કાશ ક્યારેક એવું પણ વિચાર્યું હોત" પ્રસિદ્ધ કર્યા અને હવે આ ત્રીજું પુસ્તક "હું અલંકૃત છું" પ્રસિદ્ધ કરી રહ્યાં છે જેમાં પિંકી પરુથી જી ની કેટલીક ખુબ જ સુંદર અને ભાવનાત્મક કવિતાઓનો ભાવાનુવાદ કરવાનો અવસર આપી મને ઉપકૃત કર્યો છે એ બદલ હું પિંકી જી તથા ડૉ. પ્રીતિ જી નો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

**રક્ષિત અરવિંદરાય દવે "મૌન"**

# હું અલંકૃતા,..

કહેવાય છે કે આ સંસાર લાગણીઓથી જ રચાયો છે. લાગણીઓનું પરિણામ એટલું તીવ્ર હોય છે કે જેની કલ્પના પણ કરી નથી શકાતી. એ લાગણીઓ જ હોય છે જે આપણને ધ્યેય તરફ અગ્રેસર કરે છે,આપણને આપણાં જીવનસાથી સંગે મેળવે છે, યોગ્ય નિર્ણયો લેવામાં સહાયભૂત બને છે,ઈશ્વરની સમીપ દોરી જાય છે.લાગણીઓ સાથે ગંઠાયેલ દરેક વ્યક્તિ કંઈક ને કંઈક અભિવ્યક્તિ પણ કરે છે, વાણી દ્વારા,લેખન દ્વારા અથવાતો પોતાનાં કાર્યોમાં કાર્યરત રહીને.

રચનાકાર આ અભિવ્યક્તિ શબ્દોનાં માધ્યમ દ્વારા કરે છે. અગર લાગણીઓ સ્વચ્છ, નિર્મળ અને પારદર્શી હોય તો વાંચક પણ અભિભૂત થયા વિના રહી નથી શકતો. કેટલીક વાર અંતર્મનમાં ઉદભવતી સંવેદનાઓની ભરતી અત્યંત સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.જો પ્રેમ, દયા, કરુણા, આત્મવિશ્વાસ, સાહસ, આધ્યાત્મ, રચનાઓનાં માધ્યમ દ્વારા પીરસવામાં આવે તો એ પણ સમાજમાં નૈતિકતાનું સ્થાપન કરવા માટે સક્ષમ છે.

સંસ્કાર અને સંસ્કૃતિનું રક્ષણ લેખનનાં માધ્યમ દ્વારા કરી શકાય છે. બસ, આ કારણોથી જ હું હંમેશા અંતરમાં ઉદભવતી લાગણીઓને અછાંદસ કવિતાઓનાં માધ્યમ દ્વારા સામાન્ય માનવી સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરતી રહું છું. સરળ અને સહજ ભાષાના પ્રયોગને પ્રાથમિકતા આપીને એક નવલો પ્રયાસ કરવામાં આવ્યો છે. હું મ્હારા આ પુસ્તકને પણ હંમેશની જેમ મ્હારા પતિ,સંતાનો,માતા-પિતા,મિત્રો અને સહયોગીઓને અર્પણ કરું છું. ડૉ. પ્રીતિ સમકિત સુરાના જી નો વિશેષ આભાર વ્યક્ત કરું છું જેઓએ હંમેશા જ મને પ્રત્સાહિત કરી મ્હારા ઉપર ભરોસો મુક્યો. આપ સહુની સમીક્ષાર્થે પ્રસ્તુત છે આ કાવ્ય સંગ્રહ.**"હું અલંકૃત છું"**

**પિંકી પરુથી "અનામિકા"**

# હું અલંકૃતા છું

માની લીધું કે, નામ,કામ,પ્રસિદ્ધિ, વૈભવ,સંપન્નતા,
શિક્ષણ,લાયકાત, આવશ્યક હશે, અસ્તિત્વની ઓળખ માટે.

પરંતુ,
મ્હારી ઓળખ, એ તો યાદ જ ના રહ્યું ખબર નહીં,
ક્યારે,ક્યાં,કઈ રીતે,શા માટે? હા,એટલું તો યાદ છે,
પોતપોતાનાં નામથી, પોતપોતાની જરૂરિયાતો માટે,
બોલાવવામાં આવી, પોતપોતાનું કામ, પતી ગયાં પછી,
વિસરી જવામાં આવી.

સમય ક્યાં હતો, એ વિચારવાનો કે
થઇ રહ્યો છે ઉપયોગ.

ધર્મ,કર્તવ્ય,પરમ્પરા, પરીક્ષા,પરિણામ
વિગેરે માટે, થઇ રહ્યો છે ઉપભોગ ખુદનો,
સ્ટાર્ક,સચેત કરવામાં આવી.

ગૃહલક્ષ્મી, પ્રતિભાવાન, અન્નપૂર્ણા,
સર્વ ગુણ સંપન્ન, નામો વડે, શૃંગારિત કરવામાં આવી,
ક્યારેક મૈત્રી, ક્યારેક સંબંધોને આધાર બનાવી,
સંકલ્પોને પૂર્ણ કરવામાં આવ્યાં.

હા, છું હું વિશેષ, ભિન્ન-ભિન્ન નામોથી ,
પોકારવામાં આવતી નારી, હું અલંકૃતા છું.

# માઁ કાં તેં

માઁ કાં તેં મને, મસ્તીથી, શરારતી બનીને રહેતાં શીખવ્યું?
વીજળી જેવી ચંચળ, આંધી જેવી અસ્થિર
મ્હારા જ ઉન્મત્તપણામાં જીવતાં તેં કાં શીખવ્યું?

શાને ખુશ થતી હતી તું અલ્લડપણાથી ?
શાને ઉડવા દીધી તેં મને ત્હારા મનડામાંથી?

કપાઈ ગઈ પાંખો ત્હારી દીકરીની જ્યારે, રહી તું ખામોશ ત્યારે
કેમ ના રોકી તેં મને દૂરથી જ જોતી રહી ?

ખામોશ છે આજ એ,  ડૂસકાંઓની સંગે છે એ,
લાજ,શરમ,આબરૂ ખાતર આજે પણ ઉદાસ છે એ.

માઁ !
શું મળ્યું તને આ બધું જોઈને?
ત્હારા જ હસ્તે એનાં સ્વપ્નો વેચીને?

ખુશ છે, પણ, ખામોશ છે એ, પોતાનાં ચકલા-ચકલીને જોઈને,
નહીં કરી શકે એ એ જ સઘળું, જે ઘટ્યું છે એની સંગે.

માઁ !
તેં મને ઉડતાં કાં શીખવ્યું?

# પછી એવું ના કહીશ કે, મેં પહેલાં નહોતું કહ્યું

પછી એવું ના કહીશ કે, મેં પહેલાં નહોતું કહ્યું.
નથી આવતો કે નથી રોકાતો, બે પળ પણ, ઉભો નથી રહેતો.

ગૂંથતો રહે છે, અંતરમાં જ વાર્તાઓ રહે છે મને પણ, પરેશાન કરતો.
જોજે ખોવાઈ ન જાઉં ક્યાંક હું, ક્યારેય જીવનયાત્રામાં, પછી એવું ના કહીશ.

કે મેં પહેલાં નહોતું કહ્યું, વાયદાઓ કરીને, વિસરી જાય છે, સોગંદ તોડ્યા કરે છે, ના તો સાંભળે છે કે, ના તો કહે છે, અંતર વધુ વધારતો રહે છે, જોજે લાચાર બનીને ક્યાંક હું, ભટકી ન જાઉં.

પછી એવું ના કહીશ
કે મેં પહેલાં નહોતું કહ્યું, દિવસે ઊંઘી નથી શકતી,
રાત્રે પણ જગાડે છે, વિચારોમાં રહીને મને શાને આટલો તડપાવે છે?

જોજે બાવરી બનીને હું, ક્યારેક ક્યાંક  ખોવાઈ ન જાઉં,
પછી એવું ના કહીશ કે, મેં પહેલાં નહોતું કહ્યું.

તું ઊંડો ઉતરી જાય એટલો બેફિકર ના થઇ જઈશ તું,
ખુદને સંભાળ,અને અન્યને સંભાળજે તું.

જોજે ઉપેક્ષાનાં સાગરમાં, ક્યારેક ડૂબી ન જાઉં
હું, પછી એવું ના કહીશ કે, મેં પહેલાં નહોતું કહ્યું.

મહેફિલ સૂની, માહોલ પણ સૂનો,
છે હવે ક્યાં એ મૈત્રી? છે હવે ક્યાં એ મદહોશી?

જોજે ખુદથી જ નારાજ થઈને,
ક્યાંક ભાંગી ન પડું હું, પછી એવું ના કહીશ.
કે મેં પહેલાં નહોતું કહ્યું.

# વરસાદની ઋતુમાં

વરસાદની ઋતુમાં, હ્રદયનાં,
પ્રત્યેક ધબકારમાં, ખામોશીનાં પ્રાંગણમાં.

જો હોય સ્નેહની વર્ષા, ભીંજાયેલાં
આ તન-મનમાં, ગનગણતા પ્રત્યેક ગાનમાં,
સ્મરણોમાં,સ્વપ્નોમાં, ખોવાઈ રહીએ દિન-રાત.

હર્યાં ભર્યાં એ માર્ગો પર, ચુપકીથી એકલતામાં,
પુષ્પોમાં,ઉપવનોમાં, હોય અગર જો ત્હારો સાથ.

પળ પળમાં, પ્રત્યેક પળમાં, એ સુમસામ ગલીઓમાં,
ગીતોને,સ્વપ્નોને, આપણે દોહરાવીએ એક સાથ.

દિવસ અને રાત્રીઓમાં, રિમઝીમ આ બૂંદોમાં,
હોય હાથ ત્હારો મ્હારા હાથમાં, આવ, નીકળી પડીએ.

પુનઃ એક વાર આપણી ધૂન અને મસ્તીમાં,
ગલીએ ગલીએ, દરેક વસ્તીમાં, વિસરાઈ ગયેલાં.

એ માર્ગો પર ચાલ, ઘુમીએ ફરી એક વાર,
આવ, જીવી લઈએ આપણે ફરી એક વાર.

ચાલ, ખોવાઈ જઈએ આપણે ફરી એક વાર,
આવ, ડૂબી જઈએ આપણે ફરી એક વાર.

ચાલ, ઘૂમી લઈએ આપણે
ફરી એક વાર.

## છે ખામોશ

છે ખામોશ દ્રષ્ટિ દ્રશ્યો પણ ખામોશ છે,
છે હોઠ પણ ખામોશ વાતો પણ ખામોશ છે.

છે પાંપણો ઝૂકેલી આંખો પણ ખામોશ છે,
છે સ્મિત ખામોશ હાસ્ય પણ ખામોશ છે.

છે પગલાં સ્થિર કેડીઓ પણ ખામોશ છે,
છે હસ્ત ભીડાયેલાં, ખભાં પણ ખામોશ છે.

છે જીંદગી સ્થગિત, નિર્ણયો પણ ખામોશ છે,
છે વાદળો ખામોશ, અંબર પણ ખામોશ છે.

છે એવી ખામોશી કે સંભળાય છે,
બસ,એક જ ધ્વનિ છે,
એ ધબકાર છે મ્હારા કહે છે.
તું હજી"-શેષ-" છે.

રહીને ખામોશીમાં પણ,
ખામોશ કરી લઈએ કામનાઓ પૂરી,
રહી ન જાય એ અધૂરી
ખામોશ થઇ જાય એ પહેલાં.

# છે મ્હારું મન જ મિત્ર મ્હારું

છે મ્હારું મન જ મિત્ર મ્હારું,
હા, છે મ્હારું મન જ મિત્ર મ્હારું.
જિંદગીનાં પ્રત્યેક પ્રવાસમાં કેટલાંયે આવ્યાં અને ગયાં પણ,
આવ્યાં,થોભ્યાં,રોકાયાં અને ચાલ્યાં ગયાં સૌએ.

કેટલાંક નિકટ આવ્યાં, કેટલાંક બની ગયાં અજનબી,
કેટલાંક સાથે ચાલ્યાં, પછી દૂર થઇ ગયાં.

કેટલાંક વાયદા કરીને ફરી ગયાં,
કેટલાંક હક્ક જતાવી પલટાઈ ગયાં.
ઋતુઓની જેમ બદલાતાં ગયાં,
પરંતુ હું તો ત્યાં જ થોભી, રોકાઈ ગઈ.

પછી,મન બન્યું દોસ્ત મ્હારું,
પડછાયો અને સહગામી બન્યું.
બધાં મૌન થઇ ગયાં, એ કહેતું રહ્યું,
પથ નવો દર્શાવી ચાલતું રહ્યું.

વ્યાકુળતા,ઉદાસી, તકલીફો સઘળી મ્હારી,
મ્હારા મને પાર પાડી, નિભાવ્યો નાતો એણે જ
મ્હારી એકલતામાં, સાંભળી,સાચવી, લઇ લીધી એનાં ઊંડાણમાં.

છે નહીં કોઈ મનદુઃખ કે ફરિયાદ,
પોતીકાં કે પરાયાંથી, મ્હારા મને જ
મેળવી મને મ્હારા વિચારોથી.

છે મન જ મ્હારું મિત્ર મ્હારું,
હા, છે મન જ મ્હારું મિત્ર મ્હારું.

# શબ્દ પણ તું છે, અર્થ પણ તું છે

શબ્દ પણ તું છું, અર્થ પણ તું છું,
એનાથી રચિત રચના પણ તું છું.

આંખો પણ તું છું, અશ્રુ પણ તું છું.
એ આંખોનું દ્રશ્ય પણ તું છું.

હવા પણ તું છું,શ્વાસ પણ તું છું,
એ શ્વાસોનો ધબકાર પણ તું છું.
ગીત પણ તું છું,સંગીત પણ તું છું,
એ ગીતોનો સંગીતકાર પણ તું છું.

કર્તા પણ તું છું,કર્મ પણ તું છું,
એ કર્મની ભાવના પણ તું છું.
તડકો પણ તું છું,છાંયડો પણ તું છું.

પ્રત્યેક ઋતુનો અહેસાસ પણ તું છું,
હું પણ તું છું,તું પણ તું છું,
મ્હારી એક ઓળખ પણ તું છું.

મોહ પણ તું છું,આસક્તિ પણ તું છું,
એ બંધનથી મુક્ત, વૈરાગ પણ તું છું.

# જીંદગી

કેટલાંકને માટે
એશોઆરામ છે જીંદગી,
કેટલાંકને માટે અનામ,વ્યર્થ છે જીંદગી.

આમ જોઈએ તો એક સમય જ છે જીંદગી.
ક્યાંક અટકી ગયેલી તો ક્યાંક ગતિમાન છે જીંદગી.
ક્યાંક તડકો તો ક્યાંક છાંયડો છે જીંદગી,
ક્યારેક સત્ય તો ક્યારેક સ્વપ્ન છે જીંદગી.

ક્યાંક જાણીતી તો ક્યાંક અજાણ છે જીંદગી.
ક્યાંક ખુશહાલ તો ક્યાંક વ્યગ્ર છે જીંદગી.
ક્યાંક ભરપેટ તો ક્યાંક ઉદરની આગ છે જીંદગી.
ક્યાંક નસીબદાર તો ક્યાંક પરવશ છે જીંદગી.

કોઈનું સ્મિત તો કોઈની અશ્રુ છે જીંદગી.
કોઈની ખુશહાલ તો કોઈની ઉદ્વિગ્ન છે જીંદગી.
ક્યાંક નિશ્ચિન્ત તો ક્યાંક બિહામણી છે જીંદગી.
ક્યાંય ખીલી ખીલી તો ક્યાંક વેરાન છે જીંદગી.

ક્યાંક ઉજ્જવળ તો ક્યાંક ઓલવાતો દીવડો છે જીંદગી.
ક્યાંક જકડાયેલી તો ક્યાંક મુક્ત છે જીંદગી.
ક્યાંક પ્રેમનો સંદેશ તો ક્યાંક બેહાલ છે જીંદગી.

કોઈ કોઈને માટે કેવળ પ્રતિક્ષા છે જીંદગી.
કોઈની પરિપૂર્ણ તો કોઈની અપૂર્ણ છે જીંદગી.
સૌની પોતપોતાની કથની છે જીંદગી.

# તાણાં-વાણાં

કેટલાંક વણઉકલ્યાં ગૂંચવાયેલાં કોયડા.
વિચરે છે અંતર્મનમાં જીવનની સંધ્યા સુધી.

તાણાં-વાણાં આજીવન મહોલત જ
નથી આપતાં, હમેશાં  સમયની તંગી જ વર્તાય છે.

પ્રયત્ન લેશમાત્ર પણ એળે નહીં જાય,
છે નિશ્ચિત પરંતુ છે ઉમંગ પણ આવશ્યક.

પ્રત્યેક ઉત્તર વિહોણાં પ્રશ્નનો ઉત્તર
અંદરથી જ થશે પ્રાપ્ત.

વાત ખુદની ખુદ સાથેની, દૈનિક સંકલ્પોથી
આનંદમયી પળોનું અવિરત આસ્વાદન,
કરી દેશે ખુશહાલ રસાસ્વાદ માણ્યા પછી.

દીર્ઘકાળ સુધી, કરી દેશે વિસમૃત જીવનનાં
નિરર્થક તાણાં-વાણાં, બની જાય ઉપવન અટૂલું.

ખોળવાં માંડે જ્યારે એકાંત આ મન,
નહીં રહે શેષ જીવનસંધ્યા સુધી એ પ્રશ્નો?

અકારણ જ ચાલી રહ્યાં હતાં સંગે,
પતંગની લાંબી પૂંછડીની જેમ, નહીં રહે પૂંછડી.

તો પણ ઊડતી રહેશે,
પતંગ નિશ્ચલ મનની.

# પવનનાં ઝપાટાથી

આજે પવનનાં ઝપાટાથી કેટલાંક પૃષ્ઠો
પડી ગયાં જમીન પર, અતિ જર્જરિત,
કેટલાંક કોરાં, કેટલાંક અધૂરાં લખેલાં.

કેટલાંક વળી ગયેલાં, કેટલાંક, જોડાયેલાં
કેટલાંક તો ફાટી ગયેલાં પણ મળ્યાં.

એક એકને એકઠાં કર્યાં, કેટલાંકને જોડયાં,
કેટલાંક ફાડી નાખ્યાં, કેટલાંક વેરણ છેરણ થઇ ગયાં.

તો ફરી પાછી દોડી ફરીથી એકઠાં કર્યાં,
કેટલાંક શોધ્યાં, કેટલાંક મળી આવ્યાં,પ્રત્યેકમાં એ, જ.

હા એ જ, દીર્ઘ શ્વાસો,
તેજ ધબકારાં, આ શું થઇ ગયું? બધાંને,
આજે ફરીથી સ્વયં જ ઉડાડી મૂક્યાં, શાને?

એ ખબર નથી, આરોપ પણ પવન પર ના મુક્યો,
પોતાનાં પર જ લઇ લીધો, કેટલાંક પૃષ્ઠો જે આજે પડી ગયાં,
જમીન પર, જે અલગ થઈ ગયાં, જે ઉડી ગયાં.

એ તો કોણ જાણે હવે ક્યાંયે પહોંચી ગયાં?
કેટલાંક પૃષ્ઠો જે આજે પડી ગયાં જમીન પર.
કેટલાંક પૃષ્ઠો જે આજે પડી ગયાં જમીન પર.

# મૌન બની ગઈ છું કંઈક એવી

મૌન બની ગઈ છું કંઈક એવી કે,
જાણે શબ્દો પણ ગયાં છે ખોવાઈ.

પરંતુ
કહી દેજો ખામોશીઓને કે
મૂંગી નથી હું, કરતી નથી પ્રતિરોધ,
કે નહીં પ્રતિકાર પણ હું.

પરંતુ કહી દેજો સાહસને કે, હારી નથી હું,
કરતી રહી છું સમાધાન હું.

આગળ પણ કરતી રહીશ પરંતુ
કહી દેજો વાયદાઓને કે સોગંદ ભૂલી નથી હું.

ટકી નહિ શકો તમે  ભેદ હૈયાનો જાણીને
પરંતુ કહી દેજો રૂઢિઓ-રિવાજોને ભાંગી નથી પડી હું.

બેઠી છું કિનારા પર કોઈની પ્રતીક્ષામાં હું,
પરંતુ કહી દેજો તરંગોને કે ભયભીત થઇ નથી હું.

આસમાનમાં પંખીઓને જોઈને ઘરાને નીરખી રહી છું,
હું પરંતુ કહી દેજો પાંખોને કે ઉડવાનું ભૂલી નથી ગઈ હું.

થઈશ ના પરેશાન ક્યારેય પણ તું,
મ્હારો ચહેરો જોઈને એ મુરઝાયેલો તો છે
પરંતુ ખુશ રહેવાનું હજી પણ ભૂલી નથી હું.

# ઝૂકી રહી છું

દરરોજ થોડીક ઝૂકતી રહું છું,
કશુંક શીખી રહી છું કશુંક સમજી રહી છું,
હા, હું થોડીક બદલાઈ રહી છું.

ગૂંચવણો, ઉકેલતાં ઉકેલતાં, મ્હારી વેદનાને,
છુપાવતાં છુપાવતાં, સંભાળીને,સંકોચાઈને,
ડગલાં, ભરતાં ભરતાં, દરરોજ થોડીક ઝૂકી રહી છું.

માની લીધું કે સઘળું પ્રાપ્ત કયાં થાય છે?
દરેક વ્યક્તિને, આ સંસારમાં.

પળ બે-પળની શાતાની શોધમાં, દરરોજ એક,
દીવો પ્રગટાવી રહી છું, દીવડાની દિવેટ બનીને,
પળ પળ હું પણ, સળગી રહી છું,
દરરોજ થોડીક ઝૂકી રહી છું.

નથી ઉપહાસ એ કોઈ ખેલ,
કે નથી એ મજાક પણ, છે એ વિશ્વાસ અને ઉમેદ,
કોઈ વેપાર નથી, શા માટે તોડવામાં આવે છે,
મ્હારા ભરોસાને વારંવાર, છેતરાતી રહું  છું,
તૂટતી રહું છું, દરરોજ થોડીક ઝૂકી રહી છું.

# સ્વાભિમાન

માં, હું કંઇક કહી રહી છું શું તું સાંભળી રહી છે ને?
તું ઇચ્છે છે કેહું ભણીગણીને આગળ વધુ,
નોકરી કરું, પૈસા કમાઉં, નામના પણ પ્રાપ્ત કરું.

જેથી કરીને તું ગૌરવભેર કહી શકે કે "આ મ્હારી દીકરી છે"
માં, સાંભળ, તું ઘરમાં જ રહે છે, શું ક્યારેય પણ,
એવું વિચારે છે કે, જ્યારે તમારી દીકરીઓ, ઘરની બહાર નીકળે છે,
દ્રષ્ટિઓ ટીકી હોય છે, પાશ્વિકોની,વરુઓની, દાનવોની.

દેહ પર, આબરૂ ઉપર, શિયળ ઉપર, આખા શરીર પર,
સાચું કહો તો પ્રત્યેક અંગ ઉપર, નોંચી ખાય છે,
ખોતરી ખાય છે, સળગાવી મારે છે, વેચી નાંખેછે,
એ વરુઓ તમારી આન,બાન અને શાનને.

માં,આ બધું રોજે રોજ બને છે, હર ક્ષણ બને છે,
માં,તું મને શીખવતી કેમ નથી? શક્તિશાળી બન,
જવાબ આપ, લડી લે, કચડી નાંખ.

બદલી નાંખ, નોંચી ખા, ખતમ કરી નાંખ, હા,
માં પળ-પળ આબરુની સાથે કેવી રીતે ખેલ ખેલવા દઉં?

કઈ રીતે સહન કરું ઘૃણાસ્પદ દ્રષ્ટિ? અમાનવીય વ્યવહારને?
જંગલીયાતને? માં, હું ચાહું છું, લડવા, બદલવા, જીતવા,
સ્વંયને અને સમાજને પણ, મ્હારી બુદ્ધિ અને તાકાતથી,
ઈજ્જત સાથે, "આત્મગૌરવ" સાથે.

માં,
મ્હારી સહાય કરજે, છે મને ત્હારી આવશ્યકતા.

## છે આવશ્યક

જન્મ,
જીવન,  જીવતાં રહેવું,
છે કપરું પરંતુ.

પાલન-પોષણ
ભણતર, આવક,
સંઘર્ષ તો છે પરંતુ.

સાથી, સંબંધો, મિત્રો,
મળે છે તો ખરાં પરંતુ.

લાલસા, જાહોજલાલી,
શ્રેષ્ઠતા, કાફલો તો છે પરંતુ.

ગુમાવવું, વીયોગ, વિદાય,
આવશ્યક તો છે પરંતુ.

# સદબુદ્ધિ

ત્હારા ચરણોમાં હું,
ધ્યાન લગાવું, એવી સદબુદ્ધિ હું ક્યાંથી લાવું?

છે પથરાયેલ કંટકો કદમ કદમ પર,
છે આકર્ષણો મોહનાં ઘેરીને બેઠાં.

છે મતિ પણ અહંકારથી ગ્રસિત,
નથી છૂટતો મોહ લેશમાત્ર પણ.

અવસર હું શી રીતે પામું?
એવી સદબુદ્ધિ હું, ક્યાંથી લાવું?
કર્યાં પૂર્ણ કર્મો સંસારનાં.

કર્યાં કેટલાંક પાપ, કેટલાંક પુણ્ય કર્યાં,
પથિક બનીને પ્રત્યેક વેળા,
વિના વિશ્રામ, ચાલતી રહી.

કર્મબંધનોથી કઈ રીતે હું મુક્ત થઇ જાઉં?
એવી સદબુદ્ધિ હું, ક્યાંથી લાવું?

દેહને ખુબ સજાવ્યો,
સમય પણ એટલો જ લગાવ્યો,
પકડ્યો છે પાલવ અસત્યનો.

જીભલડીને રસપાન કરાવ્યું,
અનાવશ્યક પુરસ્કારોથી,
શી રીતે અળગી થઇ જાઉં?
એવી સદબુદ્ધિ હું ક્યાંથી લાવું?

# માં

ત્હારો મૃદુ સ્પર્શ પામીને
હું ખીલી ઊઠું છું.

મ્હારા પ્રત્યે મમતા લૂંટવાનો,
કેટલો યત્ન કરે છે તું?

ઘરનું કામ, મ્હારું પયપાન,
વ્યવસ્થિત રહે, સઘળો સામાન.

કોણ જાણે કેટલીયે રાત્રીઓનાં ઉજાગરાં?
પ્રસવ વેદના, શરીરની દુર્બળતા, સઘળું વિસરી જાય છે.

મ્હારા ખીલખિલાટથી, મ્હારા સ્મિતથી,
હા, માં, હું તને, સુખદ અનુભૂતિઓ
કરાવવા અવતર્યો છું.

ત્હારા દુઃખ-દર્દ,વ્યથાઓને, મ્હારામાં સમાહિત કરીને,
આનંદ અને સુખની આ આલ્હાદક પળો,
સ્મરણોમાં નિવાસીત કરીને, હ્રદયને શીતળતાં અર્પવા.

# વિજયા દશમી

હા, મેં મ્હારા અંતરમાં જ
રાવણને મરતો જોયો.

હોય છે જ્યારે ક્યારેક કોઈની સાથે
દ્વેષ,ઈર્ષ્યા અને જલન, ક્રોધાગ્નિ બાળી મૂકે છે,
તન અને મન, ખુદની સંગે જ કરું છું યુદ્ધ,
કરું છું સહન પ્રખર વેદનાનો જ્વર.

ખુદનાં જ અહંકારને નિશદિન જોયાં કરું છું,
મ્હારા પોતીકાઓને દૂર, ને, દૂર, થતાં જોઉં છું.

પસ્તાવો કરીને માનસિક ઉદ્વેગનું હનન કરું છું,
મનની ભીતર જ જયારે  પ્રગટ થાય છે "રામ"
બાણ કેટલાંયે ચલાવે છે થઇ જાય છે સંગ્રામ.

થાય છે જાગૃત ચેતના થોડીક,
થાય છે વિજય ક્રોધ પર કરુણાનો.

ભલે, ધીમે, ધીમે, પરંતુ
થાય છે વિજય અજ્ઞાન પર જ્ઞાનનો,
ઉજવે છે સંસાર વિજયા દશમી વર્ષમાં એક વાર.

પણ....
હું તો પ્રતિદિન
મનનાં રાવણને બાળ્યાં જ કરું છું.

# પરિમંડળ

પ્રકૃતિની જેમ જ, ઓઢાડી રાખી છે
ખુદને ઓજોનનાં સ્તરથી, ત્યારે જ તો
કેટલાં દબાણ,ગરમી,ગુસ્સો,
ક્રિયાઓ,પ્રતિક્રિયાઓ, સહન કરી લઉં છું.

હળવે હળવે પરિમંડળનું આ આવરણ,
છીદ્રિત બનતું જાય છે, થઇ જાય છે
આરંભ અસહનીય પરિવર્તનોનો.

જોઉં છું તો ખરી,
પરંતુ મૃતપ્રાયઃ બની જાઉં છું.

જો હું નહીં બચું તો
તમારું અસ્તિત્વ પણ ક્યાંથી રહેશે?
એનો તો વિચાર કરો.

# અરમાનોનાં દિવડાં

અદ્‌ભુત, અનુભૂતિઓથી સભર
પ્રત્યેક પળ, પળે-પળ,
થઈને એકઠાં દિવસ,માસ અને વર્ષ.

છે કેટલાંક
શેષ સ્મૃતિઓ બનીને,
છે કેટલાંક શેષ
સ્વપ્ન બનીને અશેષ છે.

વિરહ, વ્યથા, સંહાર, મિલન, સુખ અને
નિર્માણ પણ, વિષાદ, આપદા, સતામણી
સાથે હર્ષોલ્લાસ સહ સ્મિત પણ.

વસંત,શરદ,કારતક,મહા,
ક્યારેક કમોસમી વરસાદ પણ,
દિવસ-રાત,સવાર-સાંજ, તડકો-છાંયડો,
કેટલાંક પુષ્પો ખિલેલાં, કેટલાંક મુરઝાયેલાં પણ.

અસંખ્ય કારણો, મંડી પડ્યાં છો,
શોક કરવા, અશ્રુઓ વહેવડાવવા થોડાંક તો હશે
ત્હારા સ્મિત માટે પ્રતીક્ષા કરતાં.

રહો પ્રફુલ્લિત અરમાનોનાં દિવડાં
પ્રગટાવીને, દરરોજ નવાં પ્રયોગ કરીને.

કર પ્રત્યેક દિવસે નવલું સર્જન,
કર શક્તિનો સંચાર.

## સ્વપ્ન રંજિતા

હે, પૂર્ણિમાના શશી
વરસાવ્યું અમી તેં તો રાત ભર.

મ્હારી જ અંજલિ છલકાઈ ગઈ,
કરી ના શકી રસપાન.

ભવ્ય રાસની કલ્પનામાં રહી ડૂબેલી હું,
કરતી રહી પ્રતીક્ષા અનિમેષ  આવશે ક્યારે ઘનશ્યામ?

વીતી રાત ક્યારે? ઊગ્યું પરોઢ ક્યારે?
રહી હું સાવ અજાણી.

પણ, તું તો પારંગત છું ને,
સઘળી સોળેય કળાઓમાં,
તો શાને ન તોડી સ્વપ્નનિંદ્રા
મ્હારી આપી નથી જતો વરદાન?

દુનિયા તો રંગ બદલે જ છે,
પણ શું તું પણ કરે છે
ત્હારા સૌંદર્ય પર ગુમાન?

જવા દે હવે, શું કહું તને?
લૂંટતા રહ્યાં ચાંદની લૂંટારાઓ
રહી હું જ અબુધ, હું જ નાદાન.

ખોવાઈ ગઈ હતી
સ્વપ્નોનાં જગતમાં,
બનીને સ્વપ્ન રંજિતા.

# એ વટવૃક્ષ

સ્મશાનમાં ઉભેલું, એ વટવૃક્ષ, જાણે છે,
હજારો  કહાણીઓ, "જીવન-મરણ" ની.

સાંભળ્યા છે એણે, અવાજો ઘણાં, મૌન રૂદનનાં,
ચીસ-ચિત્કારનાં, પીડિત આક્રંદનાં, ડૂસકાંઓનાં,
આવી કેટલીયે વણકહી વાતો,  જે કહેતાં હોય છે,
સગાં-સંબંધી,મિત્રો અને પડોશીઓ, અગ્નિદાહથી લઇ
રાખમાં ભળી જવા સુધી.

જીવનની તવારીખ, અચ્છાઈ-બુરાઈ, સુખ-દુ:ખ,
લેણાં-દેણી,પાપ-પુણ્ય, અને ના જાણે બીજું શું શું ?
સઘળું જાણે છે એ, એ પણ જાણે છે કે, આજે અહીં ભલે
થોડી વાર માટે, જોઈ લઈ છે સૌ પોત-પોતાનાં મૃત્યુને.

પછી, પોતાની આદતોથી મજબૂર,
બે જ ડગલાં આગળ જઈને વિસારી દે છે.
હોય છે જે કાંઈ અલ્પ સમય શેષ, તો  થઇ જાય છે મશગૂલ.

ઝાકમઝોળમાં, પ્રલોભનોમાં, ઈર્ષ્યા અને દ્વેષમાં,
ત્હારા-મ્હારામાં, મોહ-માયામાં, એ જાણે છે કે.

છે એનો પણ અંત નિશ્ચિત જ, ના જાણે ક્યારે કોઈ હુકમ,
આવી જાય, સ્મશાનનું વિસ્તરણ કરવાનો, કપાઈ જવું પડે
એને પણ મૂળિયાં સહીત, છતાં પણ જ્યા સુધી છે જીવંત.

આપી રહ્યું છે છાંયડો,પવન અને
શાંતિનો ચબૂતરો, નિષ્પક્ષ અને નિષ્કામભાવથી એ વટવૃક્ષ.
જોયાં છે એણે જીવન-મરણનાં કેટલાંયે ખેલ.

# લોહડી

ચાલો, જે બન્યું,
જેવું બન્યું, ક્યાં બન્યું,
કેવી રીતે બન્યું, શા માટે બન્યું
એનાં પ્રશ્નોને આજે સળગાવી દઈએ,
અગ્નિમાં લોહડીનાં આ પર્વ પર.

ખુશ રહીએ અને
ખુશીયો વહેંચીએ,
લોહડીનાં આ પર્વ પર.

તલ અને ગોળની રહે
મીઠાશ હંમેશા સૌનાં જીવનમાં,
એની-તેની, ખરાં-ખોટાંની,
વાતો છોડો,શું રાખ્યું છે, ત્હારા-મ્હારામાં?

અનાવશ્યક કષ્ટો સહીને,
મૃત્યુ પામીને, આવી રીતે જીવવામાં?

નાચો... ગાઓ...
રિસામણાં-મનામણાં વિસારીને
હળી મળી જાઓ.

ખુબ હસો અને
સૌને હસાવો, લોહડીનાં
આ પર્વ પર.

# જો તું આવે તો

બાર માસમાં, મહા મહિનાની,
ઉન્મત્ત ઋતુ, છે પ્રકૃતિ પણ આઝાદ,
પીળાં સરસવની ચૂંદડી ઓઢેલી ધરા,
સમીરની સંગે પ્રવાહિત ગુલાબની મહેક.

લહેરાય છે મોલ એવો જાણે કે ઉભો છે એ
યૌવનના ઉંબરે, કરે છે મોહિત જોબન આમ્રવાટિકાનું.

છે ભ્રમર,પંખી રત મૃગચંચળતામાં.
વાયરો પણ નખરાં કરે છે, જાણે કે
સ્વાગત કરવાનું દાયિત્વ નિભાવતો હોય.

હજારીગોટાં અને પારિજાત,
આભૂષણ બનીને, શણગારે છે કાયા અવનિની.
થનગને છે મ્હારું મનડું પણ
નૃત્ય કરવાને, જાણે કે ખુશ થયેલો મોરલો.

લલકારે છે કોયલ વર્ષાગીતો, જે  સાંભળતાં
હૈયું પુલકિત થઇ જાય, જાણે કે સૂણાવી રહી છે સંદેશ ત્હારા આગમનનો.

જોઈને અધીરતા, ખીજવે છે સખીઓ,
વિયોગી પ્રિયતમનાં માર્ગ પર, મને પ્રતીક્ષા કરતી  જાણીને.

કંઈક ઉપાય કર! હે ! પ્રિયતમ ઋતુરાજ તો પધારી ગયાં,
જો તું આવે તો, હું પણ ધૈર્ય ધરું, જાણે કે મળે સંપર્ક ઓષ્ઠનો વાંસળીને.

છે સૌંદર્ય ચોતરફ, અપ્રતિમ,અનુપમ,
કરૂં છું પ્રતીક્ષા હું, પ્રિયતમ ત્હારી,
કરે છે પ્રતીક્ષા, આસમાન પણ, પૂર્ણિમાનાં ચંદ્રની જેમ.

# મ્હારી પસંદગી

બધાં કહે છે કે ઈશ્વર સાંભળે છે,
જે માંગો એ આપે છે, ખુદ પણ અનુભવ્યું.

આપ્યું, અવશ્ય આપ્યું,
ક્યારેક તરત જ તો ભલે ક્યારેક વિલંબથી,
ક્યારેક માંગ્યું ત્યારે અને ક્યારેક ભલે માંગ્યા વગર પણ.

પરંતુ જોઉં છું જ્યારે આસપાસ,
અત્યાચાર, દુરાચાર, અરાજકતા, અસુરક્ષા,
દારિદ્રય,ક્ષુધા,વિવશતા, માંદગી,ક્રોધ,ઈર્ષ્યા,
તિરસ્કાર,લોભ, સંવેદનહીન, બુદ્ધિહીન.

સંસ્કારહીન, માનવીઓને, ત્યારે વિચાર આવે છે કે
શું આપણે માનવીઓએ  ઈશ્વર પાસે આ જ માંગ્યું હતું?

શું આપણી પસંદગી આટલું બધું દોષપૂર્ણ હતું?
શું વિવેકશક્તિ સાવ શૂન્ય જ થઇ ગઈ હતી?
શું ખુદ આપણે જ આ કાદવનું નિર્માણ કર્યું?

પરિવર્તનની આકાંક્ષા સેવીને,
શા માટે કરવામાં ના આવે સચેત બનીને,
ચૂંટણી પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાનો પ્રારંભ?

ઈશ્વર અવશ્ય જ પ્રદાન કરશે
શાંતિ,પ્રેમ,સંપન્નતા, સ્વાસ્થ્ય
અને આયુષ્ય, પરંતુ પ્રયત્નો તો કરવાં જ પડશે,
પરિણામો પણ દેખાશે, આવો, થોડોક સહકાર આપોને.

# સીમા રેખાઓ

એ,
શક્તિનો સ્ત્રોત, મમતાનું માનસરોવર,
ત્યાગ અને સમર્પણની પરિભાષા.

લાગણીઓનો શબ્દકોષ,
સાહસની પ્રતિમૂર્તિ, અરમાનોનું મધુરું ગીત,
સહનશીલતાની ચરમસીમા, મર્યાદાની તસ્વીર,
ઈચ્છાશક્તિની પર્વતમાળા, પરાક્રમનો ધ્વનિ.

સરિતા સમી શીતળ, સમીર સમી સ્ફૂર્તિલી,
રવિ સમી તેજસ્વી, ચંદ્ર સમી ઉજ્જવળ,
અવની સમી કઠણ, પુષ્પ સમી મૃદુ.

છતાં પણ,ના જાણે શાને
જકડાયેલાં છે ચરણો નારીનાં?

ભૂંસી નાંખો, એ રેખાઓ, થઈ જાવા
દો મુક્ત એ અદ્રશ્ય અકારણ જંજીરોથી.

દોરો કેટલીક સીમારેખાઓ
તમે ખુદને માટે પણ.

સ્વતંત્ર હોવાં છતાં પણ
મર્યાદાઓમાં રહેવું જાણે છે એ.

# આ વખતની હોળી

નેહની વૃષ્ટિ,
પલાશ અને ગુલાબનાં
રંગોમાં ભળી જઈને
પડી ગઈ જ્યારે પ્રેયસી પર.

ઉડી
રંગબેરંગી પીચકારીઓ,
ભીંજવીને પાલવ અને ચોળી,
કામિનીની સુંદર કાયા પર.

વાયરો
સ્મિત વેરી રહ્યો, અબીલ ગુલાલથી
સિંદૂરીયો બની ગોરીનાં દેહને સ્પર્શી
ખુશખુશાલ થઇ ગયો, ગાઈ રહ્યાં મલ્હાર વાદળ.

ઉમટી ઉમટીને, ચાલી રહી હતી મંદાકિની
રાગિણી સમી, તન પણ પુલકિત, મન પણ પુલકિત.

સાજન સંગે સજની
આ વખતે રમીને હોળી,
પ્રેમ રસમાં ડૂબી જઈને.

# व्यक्तित्व दर्पण




नाम - पिंकी परुथी 'अनामिका'

जन्म - 22.10.1970

माता-पिता - श्रीमती निशा तनेजा - श्री हरीशचंद्र जी तनेजा

पति - डॉ. पंकज परुथी

शिक्षा - बी.ई. (इलेक्ट्रिकल 1991)

कार्यक्षेत्र - गृहिणी, समाज सेविका (महिला साक्षरता एवं बाल कल्याण एवं जरुरतमंद मरीजों के लिए कार्यरत्), लेखिका (सभी विधाओं में)

पता - pp.pinky97@gmail.com

ईमेल - डॉ. पंकज परुथी, कोटा रोड, बारां राजस्थान - 325205

मो.नं. - 9414257474


प्रकाशन

1. जे.एम.डी. प्रकाशन - नारी काव्य सागर (काव्य संग्रह), हिन्दी सागर (काव्य संग्रह)
2. अर्णव कलश एसोसिएशन - सुगंध परिवेश की (काव्य संग्रह)
3. के.बी.एस. प्रकाशन - अपूर्वा (गीत-नवगीत संग्रह), विचार मंथन (आलेख संग्रह) एवं स्पंदन (काव्य संग्रह)
4. नूतन साहित्य कुंज - कुंज निनाद (काव्य संग्रह), मनोभाव (काव्य संकलन), अखिल भारतीय साहित्य परिषद, राजस्थान (बारां), वूमेंस आवास (काव्य संकलन), अंतरा शब्द शक्ति प्रकाशन, सृजक सृजन समीक्षा(एकल पुस्तक), आधी आबादी का सम्पूर्ण राग (साझा काव्य संग्रह), अपनी शान है तिरंगा (साझा काव्य संग्रह), मै आल्हादिनी (एकल काव्य संग्रह), मै अपराजिला (छन्द मुक्त काव्य संग्रह) पत्रिका ब्यूरो (बारां), लोकजंग (भोपाल), वर्तमान अंकुर (नोएडा),डालटा एक्सप्रेस (गाज़ियाबाद) एवं अन्य 80 से अधिक रचनाएं प्रकाशित (डेढ़ वर्ष में)।

सम्मान

1. विश्व हिन्दी रचनाकार मंच द्वारा - श्रेष्ठ कवयित्री सम्मान 2017।
2. अर्णव कलश एसोसिएशन द्वारा - पं.माधव प्रसाद मिश्र कलम सौगंध सम्मान।
3. मातृभाषा उन्नयन संस्थान एवं अंतरा शब्द शक्ति द्वारा अंतरा शब्द शक्ति सम्मान ।
4. मातृभाषा उन्नयन संस्थान द्वारा - भाषा सारथी सम्मान ।
5. काव्यांचल द्वारा - काव्य मेघ सम्मान एवं काव्य शिखर सम्मान।
6. वूमेन्स एचीवर अवार्ड 2018- एंटी करप्शन फाउंडेशन ऑफ इंडिया के द्वारा ।
7. वूमन आवाज सम्मान- 2018, अंतरा शब्द शक्ति प्रकाशन द्वारा।
8. हिन्दी साहित्यश्री सम्मान - अवर्ण कलश एसोसिएशन द्वारा
9. डॉ. महाराज कृष्ण जैन स्मृति सम्मान 2018 - पूर्वोत्तर हिन्दी अकादमी द्वारा।
10. नारी सागर सम्मान 2018 - जे.एम.डी. पब्लिकेशन द्वारा ।
11. हिन्दी प्रचारिणी सभा बांरा द्वारा हिन्दी भाषा के विकास और उत्थान के लिए सम्मान।
12. साहित्य भूषण सम्मान 2018 - काव्य रंगोली परिवार द्वारा।
13. अंतरा शब्द शक्ति सम्मान 2019 ।


अन्तरा शब्दशक्ति

www.antrashabdshakti.com

१५, नेहरु चौक, मेन रोड वारासिवनी, जि. बालाघाट (म.प्र.) पिन ४८१३३१, संपर्क- ९४२४७६५२५९, अणुडाक: antrashabdshakti@gmail.com

978-93-86666-78-9

मूल्य 60/-